# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: ટેકનીકલ બીડ :–

# Cover -1

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: ટેકનીકલ બીડ :–

**કામનું નામ** :- વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત ખાતે તા.૨૦/૦૨/૨૦૨૬ થી તા.૨૪/૦૨/૨૦૨૬ દરમ્યાન " ૨૦ મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા, ૧૮ મો રાષ્ટ્રીય બાગાયત મેળો અને ૧૦ મો શિલ્પગ્રામ મેળા " માટે પાર્કિંગનાં ઈજારા બાબત.

| | | |
|---|---|---|
| ૧ | અંદાજીત રકમ | – |
| ૨ | બાનાની રકમ(EMD) | રૂ.૧૦,૦૦૦–૦૦ પૈ. |
| ૩ | ભાવ પત્રક જમા કરવાની તારીખ | તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૧–૦૦ કલાક થી<br>તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ સાંજે ૫–૦૦ કલાક સુધી |
| ૪ | ભાવ પત્રક જમા કરવાની કચેરી | ગ્રાઉન્ડ ફલોર, અલથાણ સ્વીમીંગપુલ,<br>ડી.આર.બી. કોલેજની સામે,<br>ન્યુ સીટી લાઈટ રોડ, સુરત–૩૯૫૦૧૭ |
| ૫ | લાયકાત | આ પ્રકારના સમાન કામના અનુભવી |
| ૬ | કામની સમય મર્યાદા | તા.૨૦/૦૨/૨૦૨૬ થી તા.૨૪/૦૨/૨૦૨૬ સુધી |

**કાર્યપાલક ઈજનેર**
**ટ્રાફિક સેલ**
**સુરત મહાનગરપાલિકા**

સદર ભાવપત્રક અંગેની વિસ્તૃત માહિતી સુરત મહાનગરપાલિકાનીટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ ની કચેરી ખાતેથીકામકાજના દિવસો/સમય દરમ્યાન ઉપલબ્ધ થઈ શકશે.

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: ટેકનીકલ બીડ :–

### પરિશિષ્ટ–૧. ઈજારદારને અગત્યની સુચના :–

| | |
|---|---|
| ૧. | પાર્કિંગનો ઈજારો તા.૨૦/૦૨/૨૦૨૬ થી તા.૨૪/૦૨/૨૦૨૬ સુધી "૨૦ મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા, ૧૮ મો રાષ્ટ્રીય બાગાયત મેળો અને ૧૦ મો શિલ્પગ્રામ મેળા "ના સમયગાળા માટેનો રહેશે. આ મેળાની ઓફર માટે ઈજારદારે એક સાથે પ્રિમીયમની રકમ ભરવાની રહેશે.આ માટે અલગ–અલગ પ્રિમીયમ ભરવાનું નથી. ઈ.એમ.ડી. વગરની ઓફર રદબાતલ ગણવામાં આવશે. ઈ.એમ.ડી. ફકત રાષ્ટ્રીયકૃત, લોકલ બેંકના ડીમાન્ડ ડ્રાફટથી જ આપવાની રહેશે. |
| ૨ | આ સમયગાળો એટલે કે, દિન–૫(પાંચ) ના પ્રિમીયમની રકમ સફળ ઈજારદારે વર્કઓર્ડર મળ્યેથી દિન–૨(બે) માં રોકડેથી/ડિમાન્ડ ડ્રાફટથી અત્રેની કચેરીએ જમા કરાવવાની રહેશે. કેન્દ્ર સરકારનાં કાયદા અનુસાર નિયત કરેલ દરે લાયસન્સ ફી ઉપર "જી.એસ.ટી." અલગથી ભરવાનો રહેશે. |
| ૩ | ઈજારદારે ગ્રાહકોનાં વાહનો સંભાળવાની જવાબદારી સ્વીકારી છે એમ સમજીને વાહનો ખોવાઈ જાય અથવા ચોરી થઈ જાય તો તે માટે ઈજારદાર પોતે જવાબદાર રહેશે. આ અંગે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી. |
| ૪ | વાહનો સાચવવા ઈજારદારે પોતે અથવા અધિકૃત કરેલ વ્યકિતઓએ હાજર રહેવું પડશે. |
| ૫ | ગ્રાહક/મુલાકાતી પાસે પાર્કિંગ ચાર્જ ટુ–વ્હીલર માટે રૂા.૧૦/–, થ્રી–વ્હીલર માટે રૂા.૨૦/– તથા ફોર વ્હીલર માટે રૂા.૨૫/– વસુલ કરવાનો રહેશે. સાયકલ માટે અને વિકલાંગોના મોડીફાઈડ વાહનો માટે ફ્રી પાર્કિંગ રાખવાના રહેશે. |
| ૬ | વાહનો પાર્કિંગની જગ્યામાં પાર્ક કર્યા બદલ ગ્રાહકોને પહોંચ આપવાની રહેશે અને પરત કર્યેથી વાહનનો હવાલો ગ્રાહકને સુપરત કરવાનો રહેશે. |
| ૭ | સ્થળ પર મુકરર કરેલ ભાવપત્રક સરળતાથી જોઈ શકાય તે મુજબના સાઈઝના બોર્ડ અત્રેની સુચના મુજબ જરૂરી સંખ્યામાં લગાડવાના રહેશે. |
| ૮ | સદરહું લોકેશન પર પાર્કિંગના એરીયામાં અત્રેના ખાતે ધ્વારા પાર્કિંગના પટ્ટા પાડી આપવામાં આવશે. ત્યારબાદ પાર્કિંગની જગ્યામાં સાફ–સફાઈ કાર્યક્રમના દિવસોમાં રોજે રોજ સાઈટ/ પાર્કિંગના પટ્ટા પાડવા તથા દવાનો છંટકાવ વિ. ઈજારદારે પોતાના ખર્ચે કરવાના રહેશે. તેમ કરવામાં ન આવશે તો રોજના રૂા.૫,૦૦૦/– લેખે પેનલ્ટી કાપવામાં આવશે. |
| ૯ | ઈજારદારે પોતાના તરફથી પાર્કિંગની સેવાઓ પુરી પાડવા માટે રાખવામાં આવેલ તમામ માણસોને ઓળખપત્ર આપવાના રહેશે. જે માણસો રોકવામાં આવ્યા હોય તે તમામની યાદી અત્રેના ખાતે નામ–સરનામા સાથે સુપ્રત કરવાની રહેશે. તેમજ પૂરતા માણસો અંગેની સૂચના મુજબ દરરોજ રાખવાના રહેશે. સુરત મહાનગરપાલિકા તરફથી કોઈપણ સ્ટાફ પૂરો પાડવામાં આવશે નહી. |
| ૧૦ | ઈજારો પૂરો થયા બાદ સ્થળ ઉપર મૂળ સ્થિતિમાં ગ્રાઉન્ડ પુનઃસ્થાપિત કરવાની જવાબદારી ઈજારદારની પોતાની રહેશે. |
| ૧૧ | ઈજારાની શરતો અંગે કોઈપણ પ્રકારના મતભેદ ઉભા થાય ત્યારે મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. |
| ૧૨ | પાર્કિંગની જગ્યા પર કોઈ ટેમ્પરરી કે પરમેનન્ટ સ્ટ્રકચર ઈજારદાર બાંધી શકશે નહી તથા પાર્કિંગ સ્ટેન્ડ સિવાયની કોઈપણ પ્રકારની અન્ય કોઈ કોમર્શીયલ જાહેરાત કરી શકશે નહી. |

| | |
|---|---|
| ૧૩ | પાર્કિંગ પ્લેસમાં પાર્કિંગ માટેની સૂચનાઓ અંગેના અલગ–અલગ બોર્ડ ઈજારદારે અત્રેથી આપવામાં આવતી સુચના મુજબ તૈયાર કરીને મૂકવાના રહેશે. |
| ૧૪ | દરેક મુલાકાતીઓ સાથે સભ્યતા, શાંતિ તથા સલુકાઈથી વર્તવાનું રહેશે. |
| ૧૫ | પાર્કિંગના સોંપેલ ઈજારાના સમય દરમ્યાન અત્રેથી આપવામાં આવતી સૂચનાઓનું અચૂક પાલન કરવાનું રહેશે. |
| ૧૬ | મેળાના સ્ટોલ હોલ્ડર્સ તથા ફરજ પરનાં સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓનાં ઓળખપત્ર ચકાસી ફ્રી પાર્કિંગ માટે અત્રેની સૂચના મુજબ અલાયદી વ્યવસ્થા કરવાની રહેશે. |
| ૧૭ | મેળાનાં દિવસોમાં વધ–ઘટ થાય તો પ્રતિદિન મુજબ હિસાબ સરભર કરવાનો રહેશે. જે ઈજારદારને બંધનકર્તા રહેશે. |
| ૧૮ | શરતી ભાવ પત્રક રદ થવાને પાત્ર રહેશે. |
| ૧૯ | નિયત સમયમર્યાદા બાદ આવેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી. |
| ૨૦ | બાનાની રકમ (EMD) ફકત કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા પે ઓર્ડર થી જ સ્વીકારવામાં આવશે. |
| ૨૧ | ભાવપત્રકમાં જણાવ્યા મુજબની વિગતો તથા ડોકયુમેન્ટસ કવરમાં અચુક સામેલ રાખવા. આ વિગતોવિના રજુ થયેલ ભાવપત્રક ધ્યાનમાં લેવામાં આવશે નહી. ભાવપત્રક રદ થવા પાત્ર રહેશે. |
| ૨૨ | જો ઈજારદાર ભાગીદારી પેઢી હોય તો અસલ ભાગીદારી કરારની ઝેરોક્ષ કોપી (પ્રમાણિત નકલ) રજુ કરવાના રહેશે. |
| ૨૩ | જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ / સંસ્થાનું નોંધણી પત્રક રજુ કરવાનું રહેશે. |
| ૨૪ | આ પ્રકારના સમાન કામની વિગત તેની કિંમત સાથે જે તે સંસ્થા/ડીપાર્ટમેન્ટના સક્ષમ સત્તાધીશધ્વારા ઈસ્યુ થયેલા હોવા જોઈશે. |
| ૨૫ | જો આપની ભાગીદારી પેઢી હોય તો અસલ ભાગીદારી કરારની ઝેરોક્ષ કોપી (પ્રમાણિત નકલ) રજુ કરવાના રહેશે. |
| ૨૬ | પી.એફ. અને જી.એસ.ટી. રજીસ્ટ્રેશન ફરજીઆત પણે રજુ કરવાનું રહેશે. |
| ૨૭ | ઈજારદારે સદર ભાવપત્રકમાં સુચિત કરેલ જગ્યાએ પોતાના સહી–સિકકા કરી રજુ કરવાના રહેશે. ભાવપત્રકના કોઈ કાગળ કાઢી લેવામાં આવશે અથવા સહી–સિકકા કરેલ ન હશે તો ભાવપત્રક રદ બાતલ ગણવામાં આવશે. તેમજ બાનાની રકમ (EMD) જપ્ત કરવામાં આવશે. |
| ૨૮ | ઈજારદારે સદર ભાવપત્રક જમા કરતી વખતે નીચે મુજબની વિગતે ૦૩(ત્રણ) સીલબંધ કવર જમા કરાવવાના રહેશે.<br>Cover - 1:– ટેકનીકલ બીડ, માંગ્યા મુજબના તમામ ડોકયુમેન્ટસ, EMD ની રકમ વિગેરે.<br>Cover - 2:– પ્રાઈસ બીડ<br>Cover – 3 (મુખ્યકવર):–Cover - 1 અને Cover - 2 |
| ૨૯ | સદર ભાવપત્રકની વેલીડીટી પ્રાઈસબીડ (Cover - 2) ખુલ્યાની તારીખથી ૧૨૦ (એકસોવીસ)દિવસ સુધી ગણવાની રહેશે. |
| ૩૦ | ભાવપત્રક મળ્યા બાદ જયાં સુધી ભાવપત્રક અંગે સક્ષમ સત્તાની મંજુરી મળે નહી ત્યાં સુધી બધા જ ઈજારદારોની બાનાની રકમ (EMD) જમા રાખવામાં આવશે. ભાવપત્રક રદ કરવા / કામની સોંપણી બાબતે સુરત મહાનગરપાલિકાના સક્ષમ સત્તાનો નિર્ણય આખરી રહેશે. |
| ૩૧ | સક્ષમ સત્તાની મંજુરી મુજબ કામની સોંપણી થયેલ ઈજારદાર ધ્વારા મંજુર ટેન્ડર રકમની ૨% મુજબની રકમ ઈનીશીયલ સીકયુરીટી ડીપોઝીટ પેટે જમા કરાવ્યેથી તમામ ઈજારદારોની બાનાની રકમ (EMD) છુટી કરવામાં આવશે. |
| ૩૨ | કરારનામા, અંડરટેકીંગ અને જામીનગીરી માટે ગુજરાત રાજયના પ્રર્વતમાન નિયમો મુજબના સ્ટેમ્પ પેપર ઈજારદારશ્રીના ખર્ચે રજુ કરી કાર્યવાહી કરવાની રહેશે. |

| | |
|---|---|
| ૩૩ | કામગીરી દરમ્યાન જાહેર જનતાને હેરાનગતિ ન થાય તેની સંપૂર્ણ તકેદારી ઈજારદારે રાખવાની રહેશે અને તેમ છતાં જો કોઈ મુશ્કેલી, નુકશાન, જાનહાનિ કે નડતરરૂપ વિગેરે થાય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે તેમજ કોઈ પણ અજૂકતો બનાવ બને તો તેની તમામ જવાબદારી ઈજારદાર ની રહેશે. ટૂંકમાં, સલામતી અંગેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. જે અંગે કોઈ પણ જાતની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહી. |
| ૩૪ | આ કામ શરૂ કરવા માટે લાઈન, માર્ગદર્શન, સલાહસૂચન મેળવવા અત્રેના ખાતાના સબંધિત ડે. ઈજનેરશ્રી/ જુની.ઈજનેરશ્રી હિમાંશુ ગોહીલ મો.નં. ૬૩૫૯૯૦૮૯૯૭ અને જુની.ઈજનેરશ્રી જીગ્નેશ સાવલીયા મો.નં. ૬૩૫૯૯૦૮૯૯૩ નો સંપર્ક સાધવાનો રહેશે. |
| ૩૫ | ભાવપત્રકમાં જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગે ઈજારદારની કોઈપણ પ્રકારની રજુઆતને ગ્રાહય રાખી શકાશે નહી. |
| ૩૬ | સદરહું કામે મંગાવવામાં આવેલ કવોટેશન સાથે સામેલ નકશો (પ્લાન) ટેન્ટેટીવ હોય, જેમાં ફેરફાર થવાની શયકતા રહેલ છે. ઉકત ટેન્ટેટીવ પ્લાનમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થયેથી ઈજારદારને બંધનકર્તા રહેશે. |
| ૩૭ | સદરહું કામે મંગાવવામાં આવેલ કવોટેશનમાં સામેલ નકશામાં દર્શાવેલ પાર્કિંગ–ર માં એકઝીબીટર વી.આઈ.પી અને મીડીયા તથા પાર્કિંગ –૪ સુરત મહાનગરપાલિકાના સ્ટાફ માટે ફાળવવામાં આવેલ છે. જેમાં ઈજારદાર દ્વારા પાર્કિંગના કોઈપણ પ્રકારના ચાર્જીસ વસુલાત કરી શકશે નહી અને તે ભાગમાં તથા અન્ય ભાગોમાં પણ પાર્કિંગ મેનેજમેન્ટ કરવાની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૩૮ | સદરહું લોકેશન પર નિયત કરવામાં આવેલ પાર્કિંગ પ્લોટ પર વાહનચાલકો ધ્વારા સૂચારૂ રીતે પાર્કિંગ થઈ શકે તે માટે નિયત પાર્કિંગ પ્લોટમાં આવવા–જવા માટે દિશાનિર્દેશ તથા વાહનચાલકોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા માટે અત્રેની કચેરીએથી વખતોવખત આપવામાં આવતી સૂચના મુજબ કામગીરી કરવા માટે જરૂરી સ્ટાફ પૂરો પાડવા સહિતની કામગીરી ઈજારદાર ધ્વારા જ કરવાની રહેશે. |
| ૩૯ | ઉકત કામે ફાળવવામાં આવેલ ઈજારા માટે નિયત કરવામાં આવેલ ચાર્જીસ કરતાં ઈજારદાર ધ્વારા વધારે ચાર્જીસ વસૂલાત કરતા હોવાનું જણાશે. તેવા સંજોગોમાં અત્રેથી શિક્ષાત્મક દંડ સહિતની કાર્યવાહી કરવામાં આવશે. |
| ૪૦ | ઉકત દર્શાવેલ પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી ઈજારદારની સીકયુરીટી ડીપોઝીટ જપ્ત થવા પાત્ર રહેશે અને ઈજારો ટર્મિનેટ કરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેવી. |

**કાર્યપાલક ઈજનેર**
**ટ્રાફિક સેલ**
**સુરત મહાનગરપાલિકા**

ઉપરોકત નિયમો વાંચી આ સાથેબાનાની રકમ (EMD)ના રૂ.૧૦,૦૦૦–૦૦ પૈ. નો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો ડિમાન્ડ ડ્રાફટ/પેઓર્ડર સામેલ કરવાનો રહેશે.

**(નોંધ : બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફટ ટેકનીકલ બીડના કવર(કવર–૧)માં બિડાણ કરવાનો રહેશે. ટેકનીકલ બીડ સાથે બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફટ સામેલ ન હશે તો પ્રાઈસ બીડ ખોલવામાં આવશે નહી.)**

**ઉપરોકત તમામ સુચનાઓ મેં વાંચી છે અને તે જાણમાં લીધી છે.**

**ઈજારદારની સહી અને સિકકોઃ–**

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: ટેકનીકલ બીડ :–

**કામનું નામ :–** વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત ખાતે તા.૨૦/૦૨/૨૦૨૬ થી તા.૨૪/૦૨/૨૦૨૬ દરમ્યાન " ૨૦ મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા, ૧૮ મો રાષ્ટ્રીય બાગાયત મેળો અને ૧૦ મો શિલ્પગ્રામ મેળા " માટે પાર્કિંગનાં ઈજારા બાબત.

ઈજારદારનું નામ :–

સરનામુ :–

| ઈજારદારના સહી સિકકા સાથે ફોટા |
|---|
| |

| | | | |
|---|---|---|---|
| પાર્ટનરશીપ એજન્સી | માટે દરેક પાર્ટનરનાં | ફોટા સહી સાથે | અહી ચોંટાડવા |

| પાર્ટનરના સહીના નમુના | સરનામું : |
|---|---|
| ૧. | |
| ૨. | |
| ૩. | |
| ૪. | |

**નોંધ :–** પાર્ટનરશીપ એજન્સી માટે રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ જોડવા ફરજીયાત છે.

**કાર્યપાલક ઈજનેર**
**ટ્રાફિક સેલ**
**સુરત મહાનગરપાલિકા**

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: પ્રાઈસ બીડ :–

# Cover -2

## સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: પ્રાઈસ બીડ :–

**કામનું નામ** :- વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત ખાતે તા.૨૦/૦૨/૨૦૨૬ થી તા.૨૪/૦૨/૨૦૨૬ દરમ્યાન " ૨૦ મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા, ૧૮ મો રાષ્ટ્રીય બાગાયત મેળો અને ૧૦ મો શિલ્પગ્રામ મેળા " માટે પાર્કિંગના ઈજારા બાબત.

| અ.નં. | કામની વિગત | ઈજારદારશ્રીએ ભરવાના ભાવ<br>(જી.એસ.ટી. સિવાય)<br>૧૨,૦૭૩.૨૦ ચો.મી. (અંદાજીત) |
|---|---|---|
| ૧ | વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત ખાતે તા.૨૦/૦૨/૨૦૨૬ થી તા.૨૪/૦૨/૨૦૨૬ દરમ્યાન " ૨૦ મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા, ૧૮ મો રાષ્ટ્રીય બાગાયત મેળો અને ૧૦ મો શિલ્પગ્રામ મેળા " માટે પાર્કિંગના ઈજારો. | અંકોમાં રૂા........................<br>શબ્દોમાં......................................<br>..............................................<br>.............................................. |

ઉપરોકત ભાવપત્રક માટે સુરત મહાનગરપાલિકાની શરતો અને નિયમો મને બંધનકર્તા રહેશે.

**ઈજારદારની સહી અને સિકકોઃ–**


**સીલ બંધ કવરમાં ભાવપત્રક મોકલવાનું સરનામું :– ટ્રાફિક સેલ**
ગ્રાઉન્ડ ફલોર, અલથાણ સ્વીમીંગપુલ,
ડી.આર.બી. કોલેજની સામે,
ન્યુ સીટી લાઈટ રોડ, સુરત–૩૯૫૦૧૭

**કાર્યપાલક ઈજનેર**
**ટ્રાફિક સેલ**
**સુરત મહાનગરપાલિકા**

# LAY OUT PLAN

## FOR SWAMI VIVEKANAND NATIONAL BOOK FAIR, HORTICULTURAL, SHILPGRAM FAIR, FOOD FESTIVAL AND FLOWER SHOW-2026 AT VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, U. M. ROAD, SURAT

ORGANIZED BY SURAT MUNICIPAL CORPORATION




ALL DIMENSIONS ARE IN METER

### PAID PARKING

| | | |
|---|---|---|
| PARKING 1 | 2 WHEELER | 482 |
| PARKING 3 | 2 WHEELER | 341 |
| | 4 WHEELER | 78 |
| PARKING 5 | 2 WHEELER | 538 |
| | 4 WHEELER | 38 |

TOTAL 2 WHEELER = 1361

TOTAL 4 WHEELER = 116

### RESERVED PARKING

| | | |
|---|---|---|
| PARKING 2 | 4 WHEELER | 130 |
| PARKING 4 | 4 WHEELER | 66 |
| | 2 WHEELER | 124 |

TOTAL 4 WHEELER = 196

TOTAL 2 WHEELER = 124

### STALL DETAILS

| SR. NO. | STALL SIZE | NOS.OF STALL | TYPES OF STALL |
|---|---|---|---|
| 1 | 20'X20' | 53 | BOOK STALL |
| 2 | 20'X40' | 10 | BOOK STALL |
| 3 | 10'X10' | 44 | SHILPGRAM STALL |
| | | 36 | FOOD STALL |
| 4 | 15'X30' | 16 | GARDEN STALL |
| 5 | 30'X30' | 24 | GARDEN STALL |
| | | 183 | TOTAL |